# <u>જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી,જૂનાગઢ</u>

# <u>–::ડીઝીટલ લાઈફ સર્ટીફીકેટ અંગેની સામાન્ય માહિતી::–</u>

(૧) ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક : તજર–૧૦૨૦૧૪–૧૬૭૧–ઝ, સચિવાલય, ગાંધીનગર ના તા.૨૯/૦૫/૨૦૧૭ ના ઠરાવથી પેન્શનની ચુકવણીની વિવિધ પદ્ધતિઓ હેઠળ રાજય તિજોરી કચેરીઓમાંથી પેન્શન મેળવતા તમામ પેન્શનરો / કુટુંબ–પેન્શનરો ને વાર્ષિક હયાતીની ખરાઈમાં વધુ સરળતા ઉપ્લબ્ધ કરાવવા માટે ભારત સરકારશ્રીના Jeevan Praman Portal (www.jeevanpramaan.gov.in) પરથી પેન્શનરો / કુટુંબ પેન્શનરો દ્વારા Aadhar Based Biometric Authentication હેઠળ હયાતી ખરાઈ કરવાની પદ્ધતિને પણ માન્ય કરવામાં આવેલ છે. જે પદ્ધતિની અમલવારી આ યુનિવર્સીટીમાં નાણાંકીય વર્ષ : ૨૦૨૫–૨૬ થી કરવામાં આવશે.

(૨) પેન્શનરો / કુટુંબ પેન્શનરો સદરહું પદ્ધતિથી વાર્ષિક હયાતીની ખરાઈ માહે : મે–૨૦૨૫ થી જુલાઈ–૨૦૨૫ દરમ્યાન અચૂક રજૂ કરી લેવાની રહેશે. અન્યથા માહે : ઓગસ્ટ–૨૦૨૫ના માસથી પેન્શનની આકારણી કરવામાં આવશે નહીં.

(૩) આ સંદર્ભમાં પેન્શનરે / કુટુંબ પેન્શનરે હયાતીની ખરાઈ ના સમયે રજૂ કરવાના થતાં લગ્ન / પુન:લગ્ન / પુન:નિયુકિત સંબંધિત પ્રમાણપત્રો પેન્શનરે / કુટુંબ પેન્શનરે Jeevan Praman Portal પર Online આપવાના રહેશે.

(૪) ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગનાં ઠરાવ ક્રમાંક : તજર/૧૦૨૦૧૪/૧૬૭૧/ઝ, સચિવાલય, ગાંધીનગર ના તા.૧૨/૦૪/૨૦૨૨ ના ઠરાવથી જીવન પ્રમાણ પોર્ટલ ઉપર ડિઝીટલ લાઈફ સર્ટીફીકેટ જનરેટ કરતી વખતે તિજોરી નિયમો – ૨૦૦૦ અન્વયે પેન્શનર / કુટુંબ પેન્શનરે સરકારી સેવામાં પુન:નિમણુંક થયેલ ન હોવા અંગે / પુન:લગ્ન ન કર્યા અંગે રજૂ કરવાના થતાં પ્રમાણપત્ર માટે પેન્શનરો / કુટુંબ પેન્શનરોનું Self-Declaration માન્ય ગણવા ઠરાવેલ છે. પરંતુ ખોટા Self-Declaration માટે પેન્શનર / કુટુંબ પેન્શનર પોતે જવાબદાર ગણાશે.

(૫) Jeevan Praman Portalથી પેન્શનરો / કુટુંબ પેન્શનરોની વાર્ષિક હયાતીની ખરાઈ ઓનલાઈન કરવાની પદ્ધતિની વિગતવાર સમજ આ સાથે મુકવામાં આવેલ_PDFમાં દર્શાવવામાં આવેલ છે. તે ઉપરાંત સદરહું પદ્ધતિ માટે સરકારશ્રીની Jeevan Praman Portal_વેબસાઈટ (www.jeevanpramaan.gov.in) પર પણ માહિતી ઉપ્લબ્ધ છે. જે અંગે તમામ પેન્શનરો / કુટુંબ પેન્શનરો એ ખાસ નોંધ લેવા વિનંતી.

(૬) ઉપરોકત પદ્ધતિ ઉપરાંત પેન્શનરો / કુટુંબ પેન્શનરો માટેની વાર્ષિક હયાતીની ખરાઈની હાલની પદ્ધતિ પણ અમલમાં રહેશે. જે જાણ થવા સારૂં.

(૭) પેન્શનર / કુટુંબ પેન્શનરોએ જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની વેબસાઈટ **<u>www.jau.in</u>** ના **<u>e-citizen/cells</u>** વિભાગમાં **<u>JAU Pensioners Info</u>** પેઈઝની યુનિવર્સીટી દ્વારા રજૂ થતી વખતો વખતની અદ્યતન માહિતી મેળવવા માટે ચકાસવાનો આગ્રહ રાખશો.

# સ્માર્ટફોન એપ્લીકેશન દ્વારા ડીઝીટલ લાઈફ સર્ટીફીકેટ જનરેટ કરવાની માહિતી


*હવે સ્માર્ટફોનનો ઉપયોગ કરીને તમારા ઘરથી આરામ અને સલામતીથી જીવન પ્રમાણપત્ર (ચહેરાના પ્રમાણીકરણ દ્વારા)સબમિશનની સરળતાનો આનંદ લો.*

**સ્માર્ટફોનની ક્ષમતાઃ**

- એન્ડ્રોઈડ ૯.૦ વર્ઝન અથવા તેથી વધુ (અન–રુટ કરેલ ડીવાઈઝ)
- રેમ– ૪ જીબી કે વધુ
- ઓછામાં ઓછી ૫૦૦ એમ.બી. ફ્રી સ્ટોરેજ
- કેમેરા રીઝાલ્યુશન– ૫ એમપી કે વધુ

# સ્ટેપ–૧ ગુગલ પ્લે સ્ટોરમાંથી AadhaarFaceRd એપ્લીકેશન ડાઉનલોડ કરવી.








- ગુગલ પ્લે સ્ટોરમાં AadhaarFaceRd નામ સર્ચ કરો.
- દર્શાવેલ આઈકોન વાળી એપ્લીકેશન ઈન્સ્ટોલ કરવી.

GooglePlay Android


★ This Application if for android users only

## સ્ટેપ–૧ ગુગલ પ્લે સ્ટોરમાંથી AadhaarFaceRd એપ્લીકેશન ડાઉનલોડ કરવી.





- AadhaarFaceRd નામ એપ્લીકેશન અન્ય એપ્લીકેશન મુજબ સ્માર્ટફોનમાં દેખાશે નહી.
- એપ્લીકેશન સેટીંગમાં એપ્પ ઇનફોમાં દર્શાવેલ ફોટા મુજબ જોવા મળશે.

# સ્ટેપ–૨ ગુગલ પ્લે સ્ટોરમાંથી JeevanPramanFaceApp એપ્લીકેશન ડાઉનલોડ કરવી.





- ગુગલ પ્લે સ્ટોરમાં **JeevanPramanFaceApp** નામ સર્ચ કરો.
- દર્શાવેલ આઈકોન વાળી એપ્લીકેશન ઈન્સ્ટોલ કરવી.





- સફળતા પૂર્વક **Jeevan Praman Face App** ઇન્સ્ટોલ થઇ ગયા પછી તે એપ્લીકેશન ચાલુ કરો.
- ચાલુ કરતાની સાથે આ મુજબ સ્ક્રીન દેખાશે.


➢ સમયજતા વર્ઝન અપડેટ થશે તેમ તે વર્ઝન જોવા મળશે અને એપ્લીકેશન અપડેટ જોવા મળશે.




- આ મુજબ મેસેજ માં **Yes** પર કલિક કરો અને આગળ વધો.





- આ મુજબનુ પોપ–અપ સ્ક્રિન આપણી પરવાનગી લેવા દર્શાવે છે.
- જેમાં “While using the app” પર કલિક કરી આગળ વધવુ.





- આ મુજબનુ પોપ–અપ સ્ક્રિન આપણી પરવાનગી લેવા દર્શાવે છે.
- જેમાં “Allow” પર કલિક કરી આગળ વધવુ.

## સ્ટેપ–૩ ઓપરેટર પ્રમાણિકરણ (આ એકવાર કરવાની પ્રક્રિયા છે.)





- કોઈપણ વ્યક્તિ ઓપરેટર તરીકે કાર્ય કરી શકે છે. પેન્શનર પોતે પણ ઓપરેટર તરીકે રહી શકે છે.
- ઓપરેટર દ્વારા પોતાનો આધાર નંબર, મોબાઇલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેશ ભરી અને સબમીટ કરવુ.
- દાખલ કરેલ મોબાઇલ નંબર અને ઈ–મેઈલ એડ્રેશ ઉપલબ્ધ રાખવાના રહેશે કેમકે તેમા ઓટીપી આવશે.

# સ્ટેપ–૩ ઓપરેટર પ્રમાણિકરણ (આ એકવાર કરવાની પ્રક્રિયા છે.)





- ઓપરેટર દ્વારા માહિતી દાખલ કર્યા પછી તેમના મોબાઇલ નંબર અને ઇ–મેઇલમાં ઓટીપી આવશે.
- બંને માંથી કોઇપણ એક ઓટીપી દાખલ કરી અને સબમીટ બટન પર કલિક કરવુ.
- જો કોઇ કારણોસર ઓટીપી મળે નહીતો "Resend OTP"બટન પર કલિક કરવુ.

# સ્ટેપ–૩ ઓપરેટર પ્રમાણિકરણ (આ એકવાર કરવાની પ્રક્રિયા છે.)





- સફળતા પુર્વક ઓટીપી દાખલ કર્યા પછી ડાબી તરફ દર્શાવેલ સ્ક્રીન જોવા મળશે.
- ઓપરેટર દ્વારા દર્શાવેલ ચેક બોક્સમાં પ્રમાણિકરણ માટે સંમતિ આપવાની રહેશે.
- "Scan"બટન પર કલિક કરવુ જેથી ફેસ સ્કેન માટે આગળ વધશો.

## સ્ટેપ–૩ ઓપરેટર પ્રમાણિકરણ (આ એકવાર કરવાની પ્રક્રિયા છે.)





- આ દર્શાવેલ પોપ–અપ સ્ક્રીન ફેસ સ્કેન માટે પુછવામાં આવેલ છે. જેમાં **Yes** પર કલિક કરો અને આગળ વધો.

# સ્ટેપ–૩ ઓપરેટર પ્રમાણિકરણ (આ એકવાર કરવાની પ્રક્રિયા છે.)





- ડાબી બાજુએ દર્શાવેલ સ્ક્રિન ચહેરાના પ્રમાણિકરણ માટેની જરૂરી માહિતી આપે છે.
- આપેલ માહિતી સમજદારી પૂર્વક વાંચી એક બોક્સ પર કલિક કરી **Proceed** બટનથી આગળ વધવુ.

# સ્ટેપ–૩ ઓપરેટર પ્રમાણિકરણ (આ એકવાર કરવાની પ્રક્રિયા છે.)





- તમે ચહેરાના પ્રમાણિકરણ માટે મોબાઈલના આગળ અથવા પાછળના કેમેરાનો ઉપયોગ કરી શકો છો.
- આગળ વાંચેલી સુચનાઓનુ અહિંયા ચહેરાના પ્રમાણિકરણ સમયે પાલન કરવાનુ રહેશે અને સ્કેનીંગ સમયે તેમા આપવામાં આવતી સુચના મુજબ ચહેરો સ્થિર તથા આંખો પટપટાવવી.

# સ્ટેપ–૩ ઓપરેટર પ્રમાણિકરણ (આ એકવાર કરવાની પ્રક્રિયા છે.)




- તમારા ચહેરાના પ્રામણિકરણ(સ્કેનીંગ) સફળતા પૂર્વક થઇ ગયા પછી એપ્લીકેશન ઓટોમેટીક ફરી ચાલુ થશે અને **Client Registration Successful**નો મેસેજ આવશે જે દર્શાવે છે કે ઓપરેટર પ્રમાણિકરણ સફળતાપૂર્વક પૂર્ણ થયેલ છે.

# સ્ટેપ–૪ પેન્શનર પ્રમાણિકરણ





- ત્યારબાદ પેન્શનર પ્રમાણિકરણની સ્ક્રિન ખુલશે.
- પેન્શનર દ્વારા તેનો આધાર નંબર, મોબાઇલ નંબર તથા ઇ–મેઇલ એડ્રેસ (મરજીયાત) દાખલ કરવાનુ રહેશે.
- ત્યારબાદ સબમીટ બટન પર કલિક કરતાની સાથે દાખલ કરેલ મોબાઇલ નંબર અને ઇ–મેઇલ પર ઓટીપી મળશે.

# સ્ટેપ–૪ પેન્શનર પ્રમાણિકરણ





- ઓટીપી દાખલ કરી અને સબમીટ બટન પર કલિક કરવુ.
- જો કોઇ કારણોસર ઓટીપી મળે નહીતો “Resend OTP”બટન પર કલિક કરવુ.

# સ્ટેપ–૪ પેન્શનર પ્રમાણિકરણ





- સફળતા પુર્વક ઓટીપી દાખલ કર્યા પછી ડાબી તરફ દર્શાવેલ સ્ક્રીન જોવા મળશે.
- પુછવામાં આવેલ માહિતી ચોક્કસાઇ પુર્વક ભરવી. જો માહિતી ખોટી ભરવામાં આવશે તો એવુ જીવન પ્રમાણપત્ર પેન્શન મંજુર કરનાર એજન્સી દ્વારા રીજેક્ટ કરવામાં આવશે.

# સ્ટેપ–૪ પેન્શનર પ્રમાણિકરણ





- પેન્શનરે પોતાની પુછ્યા મુજબની માહિતી દાખલ કરવી.
- સ્કિનમાં દર્શાવેલ મુજબ ઓર્ગેનાઝેશન ટાઈપમાં *સ્ટેટ ગવર્મેન્ટ ઓટોનોમશ બોડી* તથા અન્ય ટાઈપમાં *જુનાગઢ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી* પર કલિક કરવુ.
- ત્યારબાદ પેન્શનર દ્વારા પોતાનો પીપીઓ નંબર (JAU0010 or GAU0010)ફોર્મેટમાં ટાઈપ કરી આગળ વધવુ.
- પેન્શનર એકાઉન્ટ નંબર તથા આપેલ ચેકબોક્સને યોગ્ય પસંદગી કરી અને “Next” બટન પર કલિક કરવુ.

# સ્ટેપ–૪ પેન્શનર પ્રમાણિકરણ





- સફળતા પુર્વક દરેક માહિતી ભર્યા પછી બંને ચેક બોક્સમાં કલિક કરવુ જે બાહેંધરી દર્શાવે છે કે ભરેલ માહિતી સાચી અને સચોટ દાખલ કરવામાં આવેલ છે. સબમીટ પર કલિક કરી આગળ વધો.

# સ્ટેપ–૪ પેન્શનર પ્રમાણિકરણ





- સફળતા પુર્વક દરેક માહિતી ભર્યા પછી આવતા મેસેજમાં પેન્શનર દ્ધારા ચેક બોક્સમાં કલિક કરી અને મંજુરી આપવી.
- ત્યારબાદ સ્કેન બટન પર કલિક કરવુ.

# સ્ટેપ–૪ પેન્શનર પ્રમાણિકરણ




- તમે ચહેરાના પ્રમાણિકરણ માટે મોબાઈલના આગળ અથવા પાછળના કેમેરાનો ઉપયોગ કરી શકો છો.
- આગળ વાંચેલી સુચનાઓનુ અહિંયા ચહેરાના પ્રમાણિકરણ સમયે પાલન કરવાનુ રહેશે અને સ્કેનીંગ સમયે તેમા આપવામાં આવતી સુચના મુજબ ચહેરો સ્થિર તથા આંખો પટપટાવવી.

# સ્ટેપ–૪ પેન્શનર પ્રમાણિકરણ




- એકવાર ચહેરાનું પ્રમાણિકરણ સફળતા પુર્વક થઇ ગયાની સાથે દર્શાવેલ સ્ક્રિન મુજબ જીવન પ્રમાણપત્ર (ડિઝીટલ લાઇફ સર્ટીફિકેટ) બનશે અને તેમા તમારા પ્રમાણપત્રના પ્રમાણ આઇ.ડી. પણ દર્શાવશે.
- પેન્શનર દ્વારા દાખલ કરેલ માહિતી ચકાસવામાં આવશે અને જો ભૂલ ભરેલ હશે તો ફક્ત અત્રેના પેન્શનરને તેની જાણ કરવામાં આવશે.